For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરાની કલેક્ટર કચેરીને મળ્યો ધમકીભર્યો ઈ-મેલ મળતા તંત્રમાં દોડધામ

# કલેક્ટર ઓફિસમાં RDX મુકવામાં આવ્યા છે, એક વાગ્યા સુધી બ્લાસ્ટ થશે, પોલીસ તંત્ર દોડતું થયું

**વાંધાજનક** કોઈ વસ્તુ મળી ના આવતા તંત્રે રાહતનો શ્વાસ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરાની નવી કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેલ મળ્યો હતો. ગુરુવારે સવારે કલેક્ટર કચેરી ખુલતા જ આ બાબત ધ્યાનમાં આવી હતી અને કચેરીના અધિકારીઓ દ્વારા તાત્કાલિક સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસના ઉચ્ચ અધિકારીઓ સમેત બોંમ્બ અને ડોગ સ્કોડ સાથે ટીમો કલેક્ટર કચેરી ખાતે દોડી આવી હતી અને કચેરી ખાલી કરાવી તપાસ હાથધરવામાં આવી છે. વડોદરા શહેરના દિવાળીપુરા વિસ્તારમાં નવી જિલ્લા કલેકટર કચેરીને ધમકી ભર્યો ઈ-મેલ મોકલવામાં આવ્યો છે. જેમાં જણાવ્યું છે કે, કલેકટર ઓફિસમાં RDX મુકવામાં આવ્યા છે, 1 વાગ્યા સુધી બ્લાસ્ટ થશે, જેથી ઓફિસ ખાલી કરી દેવી, આ ગંભીરતાને ધ્યાને રાખીને શહેર પોલીસે બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ સાથે ઘટના સ્થળ પર પહોંચી હતી. હાલમાં કચેરીની તમામ જગ્યાની તપાસ કરવામાં આવી રહી છે. કોઈપણ પ્રકારના જોખમી પરિસ્થિતિ સામે સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. ચાલુ વર્ષમાંજ થોડા મહિનાઓ પહેલા રાજ્યના અમદાવાદ, ગાંધીનગર, કલોલ સહિતના જિલ્લાઓમાં નામાંકિત સ્કૂલોને પણ આ પ્રકારના ધમકીભર્યા ઈ-મેલ મળી ચૂક્યા છે. ત્યારે તપાસ દરમિયાન કોઈ ખતરનાક વસ્તુ મળી ન હતી.

વડોદરામાં પણ અગાઉ આ પ્રકારનો ધમકીભર્યો ઈ-મેલ કચેરીઓ, સ્કૂલો અને કંપનીઓને મળ્યો હતો. પરંતુ તપાસ દરમિયાન કોઈ ખતરનાક વસ્તુનો પુરાવો મળ્યો નહોતો. સ્થાનિક પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ આ પ્રકારનો ઈ-મેલ સમાજમાં ભયનો માહોલ સર્જી શકે છે અને તે ગંભીર ગુનો ગણાય છે. આ કારણે કચેરીની અંદર તમામ કર્મચારીઓને સલામત સ્થળ પર ખસેડવામાં આવ્યા છે અને સ્ટાફને એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

### બોમ્બના ધમકીનો મેલમા પાક, આઇએસઆઇ સેલનો પણ ઉલ્લેખ



ગેના રમેશના મેલ ઉપરથી કલેક્ટરના ઓફિસ મેલ આડી પર કલેક્ટર ઓફિસના પર આવેલા મેલમાં 7 RDX મુકવામાં વ્યાં છે. જે ટૂક સમયમાં વિસ્ફોટ થશે, બપોરે 1 વાગ્યા સુધીમાં કલેક્ટર અને જનતાને ખાલી કરાવો તેવો ઉલ્લેખ કર્યો છ. ડીએમકે એજન્ડા ચલાવવા માટે ટોચના પત્રકારોને લાલચ આપવા તથા પત્રકારો માટે બાળક, સગીર છોકરીઓની અન્ય જાતીય જરૂરિયાતો સંતોષી હતી. અયાકુડી, ચેન્નાઇ, ચિત્તૂર(એપી)ના અનાથાશ્રમમાંથી જે છોકરીઓ મુખ્યત્વે પ્રાપ્ત કરવામાં આવી હતી તે તમામ 16 વર્ષથી ઓછી વયની હતી. તેની સાથે પાક, આઇએસઆઇનો સેલનો પણ ઉલ્લેખ કર્યો છે. આજ મેલ પરથી અન્ય શહેરમાં બોમ્બની ધમકીના મેલ મોકલાયાં છે.

ફાયર બ્રિગેડના જવાનોએ બચાવ કામગીરી હાથ ધરી

# નેશનલ હાઈવે નંબર 48 પર લક્ઝરી બસ પલટી,10 થી વધુ મુસાફર ઈજાગ્રસ્ત

બસમાં ફસાયેલ મુસાફરોને બહાર કાઢી સારવાર માટે ખસેડાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

નેશનલ હાઈવે 48 ઉપર વડોદરાથી સુરત મુસાફરો ભરી જતી ખાનગી લક્ઝરી બસ પલટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. તાત્કાલિક ફાયર વિભાગની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી મુસાફરોને બહાર કાઢી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં 10 જેટલા લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું.

વડોદરા નજીક નેશનલ હાઈવે નંબર 48 પર કરજણ પાસે ખાનગી લક્ઝરી બસ પલટી જતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. વડોદરાથી સુરત તરફ જતી આ બસમાં 30 થી વધુ મુસાફરો સવાર હતા. અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે ચોક્કસ કારણ સામે આવ્યું નથી. જોકે, ચાલકે સ્ટેરિંગ પર કાબુ ગુમાવતા બસ ઓવરસ્પીડમાં હોય રોડ સાઈડ પલટી ખાઈ ગઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. અકસ્માત થતા મુસાફરોએ બુમરાણો મચાવી મૂકી હતી. બનાવની જાણ થતાં તાત્કાલિક કરજણ ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી કરી બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા હતા. એક મુસાફર બસના નીચેના ભાગમાં ફસાઈ જતાં ફાયર કર્મચારીઓએ કટર મશીન ચલાવી તેને બહાર કાઢ્યો હતો. આ વ્યક્તિને ગંભીર હાલતમાં કરજણ હોસ્પિટલ ખસેડાયો છે. પ્રાથમિક માહિતી અનુસાર બસ અકસ્માતમાં 10 જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. જેમાંથી એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. બાકીના તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાદ ટ્રાફિક જામ થતા પોલીસે હાઈવે પર ટ્રાફિક ડાયવર્ટ કરી ટ્રાફિક હળવો કર્યો હતો. પોલીસે અકસ્માતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. આસપાસના લોકો સહિત હાઈવે મુસાફરો પણ ઘટનાસ્થળે ભેગા થઈ બચાવ કામગીરીમાં જોડાયા હતા. સદનસીબે અકસ્માતમાં મોટી કોઈ જાનહાનિ નહિ થતાં તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો.



# દીકરીના પગ નીચે લાકડું આવ્યું ને ગરમ પાણીએ જીવ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા શહેરના સમા વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં માત્ર ચાર વર્ષની માસૂમ બાળકીનું ગંભીર રીતે દાઝી જવાથી કરુણ મોત નીપજ્યું છે. ઘર આંગણે રમતી બાળકીનો પગ અચાનક ચૂલા પાસે પડેલા લાકડા પર પડતા, ગરમ પાણીનું વાસણ તેના પર પડ્યું હતું.

ગંભીર હાલતમાં બાળકીને સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન આજે તેનું મોત થતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મળતી માહિતી અનુસાર, સમા વિસ્તારમાં રહેતી 4 વર્ષીય બાળકી પોતાના ઘર પાસે રમી રહી હતી. આ દરમિયાન ઘર પાસે જ ચૂલા પર પાણી ગરમ કરવા માટે મૂકવામાં આવ્યું હતું. બાળકી રમતા-રમતા અચાનક ચૂલા નજીક પહોંચી ગઈ હતી. દુર્ભાગ્યવશ, બાળકીનો પગ ત્યાં પડેલા એક લાકડા પર પડ્યો હતો. લાકડું ઉછળતા જ તેની ઉપર મુકાયેલું ગરમ પાણીનું વાસણ ફંગોળાયું હતું અને ઉકળતું પાણી માસૂમ બાળકી પર પડ્યું હતું. શરૂઆતમાં બાળકીની તબિયતમાં થોડો સુધારો જણાતો હતો.

પરંતુ ઈજાઓ અત્યંત ગંભીર હોવાથી આખરે આજે સારવાર દરમિયાન તેણે દમ તોડી દીધો હતો. માત્ર 4 વર્ષની લાડકવાયી દીકરીના અકાળે અવસાનથી સમા વિસ્તારના સ્થાનિકોમાં પણ અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટનાએ ફરી એકવાર નાના બાળકોની સુરક્ષાને લઈને લાલબત્તી ધરી છે. હોસ્પિટલ પ્રશાસન દ્વારા જરૂરી કાયદેસરની કાર્યવાહી બાદ બાળકીના મૃતદેહને પરિવારને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

વૈકલ્પિક રસ્તો આપવા છતાં સ્થાનિકોનો વિરોધ યથાવત રહેતા તંત્રએ આકરું વલણ અપનાવ્યું; SRPની ટીમો તૈનાત

# છાણીમાં STP પ્લાન્ટના માર્ગમાં આવતા દબાણો પર પાલિકાનું બુલડોઝર: પોલીસ છાવણી વચ્ચે 'નળિયા રસ્તો' ખુલ્લો કરાયો

વિવાદને પગલે અટકેલી કામગીરી હવે નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા શહેરના ઉત્તર વિસ્તારમાં આવેલા છાણી ટીપી-43માં સૂચિત નવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના નિર્માણમાં અવરોધરૂપ બનતા 'નળિયા રસ્તા'નો વિવાદ આખરે પાલિકાએ ઉકેલી દીધો છે. સ્થાનિકોના ભારે વિરોધ વચ્ચે આજે કોર્પોરેશનની દબાણ શાખાની ટીમે પોલીસ અને SRPના ચુસ્ત બંદોબસ્ત સાથે ઘટનાસ્થળે પહોંચી રસ્તો ખુલ્લો કરાવવાની કામગીરી પૂર્ણ કરી હતી. પાલિકા દ્વારા છાણી વિસ્તારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ટીપી-43માં નવો STP પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે જે રસ્તો વપરાવાનો છે તે જૂનો 'નળિયા રસ્તો' હોવાથી કેટલાક સ્થાનિકો તેનો કબજો છોડવા તૈયાર નહોતા. પાલિકા સૂત્રોના જણાવ્યા અનુસાર સ્થાનિકોને નળિયા રસ્તાના બદલામાં અન્ય વૈકલ્પિક રસ્તો પણ ફાળવી દેવામાં આવ્યો હતો. તેમ છતાં, છેલ્લા બે દિવસથી આ મુદ્દે ખેંચતાણ ચાલી રહી હતી અને સ્થાનિકો કામગીરીમાં અવરોધ ઊભો કરી રહ્યા હતા. સ્થિતિ વણસે નહીં તે હેતુથી પાલિકાની દબાણ શાખાની ટીમ આજે વહેલી સવારથી જ પોલીસ કાફલા અને SRP ની ટુકડીઓ સાથે છાણી પહોંચી હતી. સ્થાનિકોના વિરોધને બાજુ પર રાખીને તંત્રએ જેસીબી મશીનો દ્વારા રસ્તા પરના દબાણો દૂર કર્યા હતા અને STPની કામગીરી શરૂ કરવા માટેનો માર્ગ સાફ કર્યો હતો. આ રસ્તો ખુલ્લો થવાથી હવે STP પ્લાન્ટના નિર્માણની પ્રક્રિયા ઝડપી બનશે. પાલિકાના અધિકારીઓના મતે, આ પ્લાન્ટ ઉત્તર વડોદરાના ડ્રેનેજ પ્રશ્નોના કાયમી ઉકેલ માટે અત્યંત જરૂરી છે. વિવાદને પગલે અટકેલી કામગીરી હવે નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવશે.

વાઘોડિયા રોડ પરથી કુંટણખાનું ઝડપાયું

# 11 યુવતી સહિત 2 આરોપી ઝડપાયાં, મુખ્ય સંચાલિકા ફરાર

રહેણાંક વિસ્તારમાં પરપ્રાંતીય યુવતીઓને રૂપિયાની લાલચ આપી દેહવ્યાપારનો ચંદ્રિકા ચલાવતી હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વાઘોડિયા રોડ પર આવેલા ફ્લેટમાં મહિલા ગેરકાયદે બહારથી યુવતીઓ બોલાવીને કુંટણખાનું ચલાવે છે.જેના પર એએચટીયુની ટીમે રેડ કરી હતી. ત્યારે સ્થળ પરથી 11 યુવતીઓ તથા બે આરોપીને ઝડપી પાડ્યાં હતા. જ્યારે મુખ્ય સંચાલક મહિલા ચંદ્રિકા ઉર્ફે રિટા સહિત બેને વોન્ટેડ જાહેર કર્યાં છે. વડોદરા શહેરના મકરપુરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી તાજેતરમાં દેહવ્યાપારનો કાળો કારોબારનો પ્રદાફાશ થયો હતો. ત્યારે 17 ડિસેમ્બરના રોજ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સ્કવોડની ટીમે બાતમી મળી હતી કે ચંદ્રીકા ઉર્ફે રીટા બાબુ શાહ જરૂરીયાતમંદ યુવતીઓને બોલાવી પોતાના મકાનમાં રાખી યુવકો અને પુરૂષો સાથે યુવતી દીઠ રૂપિયાની લેવડ દેવડના ભાવ નક્કી કરી રોકડ રકમ લઈ રહેણાક મકાનમા દેહ વ્યપારનો ગોરખ ધંધો ચલાવે છે.

જેના આધારે AHTUના પીઆઇ ટીના આસુદરા સહિતા ટીમ દ્વારા બાતમી મુજબની બિલ્ડિંગના મકાનમાં રોડ કરી હતી. જુદાજુદા રૂમમાંથી 11 જેટલી યુવતીઓ સહિત અન્ય બે આરોપીઓ ઝડપાઇ ગયાં હતા.

શહેર તરસ્યું અને રસ્તાઓ પર રેલમછેલ!

# પ્રતાપનગરમાં કોન્ટ્રાક્ટરની લાપરવાહીથી પાણીનો વેડફાટ, સ્થાનિકોમાં રોષ

**સ્થાનિક** આગેવાનનો આક્ષેપ "જવાબદાર એન્જિનિયરો સ્થળ પરથી ગાયબ



(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા શહેરના પ્રતાપનગર બરોડા ડેરી પાસે પાણીની લાઈન સંબંધિત સમારકામ અથવા નવી કામગીરી ચાલી રહી હતી. આ કામગીરી દરમિયાન યોગ્ય સુપરવિઝનના અભાવે લાઈનમાં મોટું ભંગાણ પડ્યું હતું. જોતજોતામાં પીવાનું શુદ્ધ પાણી રસ્તાઓ પર ફરી વળ્યું હતું અને સમગ્ર વિસ્તારમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, લાંબા સમય સુધી પાણી વહેતું રહ્યું હોવા છતાં તેને રોકવા માટે કોઈ ત્વરિત પગલાં લેવામાં આવ્યા ન હતા. આ ગંભીર બેદરકારી અંગે સ્થાનિક આગેવાને તંત્ર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતને કારણે જનતાના ટેક્સના પૈસા અને કુદરતી સંપત્તિનો આ રીતે વ્યય થઈ રહ્યો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, કોન્ટ્રાક્ટર દ્વારા આખું કામ માત્ર મજૂરોના ભરોસે છોડી દેવામાં આવ્યું હતું. સ્થળ પર કોઈ જવાબદાર એન્જિનિયર કે સુપરવાઈઝર હાજર ન હોવાને કારણે મજૂરોની અણસમજથી લાઈન લીકેજ થઈ હતી. વધુમાં સવાલ ઉઠાવ્યો હતો કે, શહેરના અનેક વિસ્તારોમાં જ્યારે ગૃહિણીઓ પીવાના એક-એક ટીપા પાણી માટે સંઘર્ષ કરી રહી છે, ત્યારે આટલા મોટા પ્રમાણમાં શુદ્ધ પાણીનો વેડફાટ કેટલો યોગ્ય છે? શું પાલિકા તંત્ર આવા બેદરકાર કોન્ટ્રાક્ટરો સામે દંડાત્મક કાર્યવાહી કરવાની હિંમત બતાવશે?

ઉલ્લેખનીય છે કે, વડોદરામાં અવારનવાર પાણીની લાઈનોમાં લીકેજ અને ભંગાણની ઘટનાઓ બનતી રહે છે, પરંતુ પ્રતાપનગરની આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ટેકનિકલ સ્ટાફની ગેરહાજરીમાં થતી કામગીરી શહેરની જનતા માટે મુશ્કેલીનું કારણ બની રહી છે.

ઠંડીની જમાવટની જનજીવન પર અસર

# શહેરમાં ઠંડીનુ પ્રમાણ ઘટ્યુ, તાપમાન 13.2 ડીગ્રી નોંધાયું

**ફૂલગુલાબી** ઠંડીનો અહેસાસ નગરજનોને વહેલી સવારે અને મોડી રાત્રે થઇ રહ્યો છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા શહેરમાં પાછલા 48 કલાક દરમિયાન ઠંડીની જમાવટ થઈ હતી જેમાં આજે તાપમાન ઉંચકાતા લઘુત્તમ તાપમાનનો પારો 13.2 ડિગ્રી નોધાયો હતો જેની સાથે ઠંડીનુ પ્રમાણ ઓછુ વર્તાયુ હતુ. ઉત્તર દિશામાંથી ઠંડા પવનો ફૂંકાતા રાત્રીના સમય દરમિયાન લોકોએ ગરમ વસ્ત્રો પહેરવાની નોબત આવી હતી.વડોદરા શહેરમાં ઠંડીના તાપમાનમાં બદલાવ જોવા મળી રહ્યો છે. ગત તારીખ 16 મી ડિસેમ્બરના રોજ 11.8 સાથે લઘુતમ તાપમાનનો પારો સીઝનનો કોલ્ડેસ્ટ ડે તરીકે નોંધાયો હતો. સિઝનમાં પહેલીવાર ઠંડી 12 ડીગ્રી નીચે ગઈ હતી. આમ તો ગયા વર્ષે 14 ડિસેમ્બરે 10 ડિગ્રી ઠંડી નોંધાઈ હતી પરંતુ આ વર્ષે ડિસેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં આવી ગાત્રો થીજાવી દે તેવી ઠંડીનો અનુભવ થયો નથી. શહેરમાં ફૂલ ગુલાબી ઠંડી પડી રહી છે. જેનો અહેસાસ નગરજનોને વહેલી સવારે અને મોડી રાત્રે થઈ રહ્યો છે. ગુરુવારે ઠંડીના તાપમાનમાં સામાન્ય વધારા સાથે લઘુતમ તાપમાન 13.2 ડિગ્રી મહત્તમ તાપમાન 31.2 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 85 ટકા અને સાંજે 36 ટકા નોંધાયું હતું. જ્યારે આગામી 23 મી ડિસેમ્બર સુધીના સમયગાળા દરમિયાન લઘુત્તમ તાપમાન 13 ડિગ્રીથી 15 ડિગ્રી વચ્ચે રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

મતદાન માટે જરૂરી મંડપ સહિતની કામગીરી પૂર્ણ કરી દેવાઇ

# નવા ડિજિટલ સિસ્ટમો સાથે આજે વકીલ મંડળની ચૂંજટણી યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા બાર એસોસિએશનની ચૂંટણી આ વખતે ઈતિહાસ રચવા જઇ રહી છે તેવું કહેવામાં અતિશયોક્તિ નથી. કારણ કે આ ચુંટણીમાં વધુમાં વધુ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે. ત્યારે દરેક મતદાર ચૂંટણી માટેન મતદાન તથા પરિણામ ઓનલાઈન અપડેટ થતા રહેશે જે મતદારો હવે નિહાળી શકશે.



વડોદરા વકીલ મંડળની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ચુંટણી પંચ દ્વારા મતદાને લઈને તમામ તૈયારી લગભગ પૂર્ણ કરી લેવામાં આવી છે. ત્યારે આ વખતે વડોદરા બાર એસોસિએશનની ચૂંટણીમાં ભારતના ઈતિહાસમાં પ્રથમવાર વધુમા વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રીઅલ ટાઈમ ડેટા અને લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ દ્વારા લોકશાહીના પર્વને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ ચુંટણી પંચ દ્વારા કરાઈ રહ્યો છે. ચુંટણી દરમિયાન સામાન્ય રીતે પરિણામો માટે કલાકો સુધી રાહ જોવી પડતી હોય છે. પરંતુ આ વખતે વડોદરા વકીલ મંડળની ચૂંટણીમાં મતદાન ઈન્ટરનેટ પર લાઈવ અપડેટ થશે. આ પ્રક્રિયા માત્ર વડોદરા પૂરતી મર્યાદિત નહીં રહે પરંતુ લિંક દ્વારા દુનિયાના કોઈ પણ જગ્યા પર બેઠેલા લોકો નિહાળી શકશે. ચુંટણી દિવસે કેટલું મતદાન થયું છે. કોણે મતદાન કર્યું છે તેની મહત્વ પૂર્ણ વિગતો લાઈવ ઉપલબ્ધ હોવાથી બોગસ વોટિંગ થવાની સંભાવના નથી. ચુંટણી પ્રક્રિયા સરળ રીતે થાય તેના માટે તમામ મતદાન મથકો પર સીસીટીવી કેમેરાથી સજ્જ કરી દેવામાં આવ્યાં છે.

કમિશનરના બંગલાની છાયામાં જ ગંદકીનું સામ્રાજ્ય

# ફતેગંજમાં ઉભરાતી ગટરોથી વેપારીઓ-સ્થાનિકો પરેશાન

**માત્ર** 200 મીટરના અંતરે જ તંત્રની પોલ ખુલી; 'સ્માર્ટ સિટી' ના દાવાઓ વચ્ચે જનતા નર્કાગાર સ્થિતિમાં રહેવા મજબૂર



(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા સંસ્કારી નગરી વડોદરાને સ્માર્ટ સિટી બનાવવાની વાતો વચ્ચે શહેરના હાર્દ સમાન ફતેગંજ વિસ્તારમાં પાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. ફતેગંજ મેઈન રોડ પર છેલ્લા ઘણા સમયથી ડ્રેનેજની લાઈનો ઉભરાઈ રહી છે, જેના કારણે સ્થાનિક દુકાનદારો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ સમસ્યા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના નિવાસસ્થાનથી માત્ર 200 મીટરના અંતરે હોવા છતાં તંત્ર નિદ્રાધીન અવસ્થામાં હોય તેમ જણાય છે. ફતેગંજ મેઈન રોડ વ્યાપારી દ્રષ્ટિએ અત્યંત ધમધમતો વિસ્તાર છે.

અહીં મુખ્ય માર્ગ પર જ ગટરના ગંદા પાણી ફરી વળતા દુકાનદારોના વેપાર પર માઠી અસર પડી રહી છે. દુકાનોની બિલકુલ સામે ગંદકી અને અસહ્ય દુર્ગંધને કારણે ગ્રાહકો અહીં આવવાનું ટાળી રહ્યા છે.

સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા માત્ર 'પેચવર્ક' જેવી કામગીરી કરીને સંતોષ માનવામાં આવે છે, જે લાંબા ગાળાનું નિરાકરણ લાવવામાં નિષ્ફળ રહી છે. રસ્તા પર ફેલાયેલા ગંદા પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, "અમે ટેક્સ ભરીએ છીએ છતાં અમારે નર્કાગાર સ્થિતિમાં રહેવા મજબૂર બનવું પડે છે. તંત્ર માત્ર કાગળ પર કામગીરી બતાવે છે, જ્યારે વાસ્તવિકતામાં સ્થિતિ અત્યંત ગંભીર છે." સ્થાનિકોની હવે એક જ માંગ છે કે તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગે અને આ ડ્રેનેજ લાઈનનું કાયમી નિરાકરણ લાવે, અન્યથા આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### નગરજનોની સમસ્યાના મુખ્ય મુદ્દાઓ

- વીઆઈપી વિસ્તારની અવદશા: કમિશનરના નિવાસની નજીક હોવા છતાં સમસ્યા વણઉકેલ્યા.
- કામગીરી માત્ર દેખાવ પૂરતી: પાલિકાની ટીમ આવે છે, સાફ-સફાઈ કરે છે, પણ બીજા જ દિવસે ગટર ફરી ઉભરાય છે.
- ટ્રાફિક અને અકસ્માતનો ભય: ગંદા પાણીને કારણે રસ્તા પર લપસણ થતા ટૂ-વ્હીલર ચાલકો સ્લિપ થવાના કિસ્સા પણ બની રહ્યા છે.

પાલિકાની 'ખાડા'બાજી: કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી સામે આવી

# સુશેન-પ્રતાપનગર રોડ પર ખોદેલા ખાડામાં કાર ખાબકી, પરિવારનો બચાવ

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

શહેરના દક્ષિણ વિસ્તારમાં બરોડા ડેરી સર્કલથી મકરપુરા અને સુસેનથી પ્રતાપનગર જતા માર્ગ પર પાલિકાના કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે એક કાર ઊંડા ખાડામાં ફસાઈ ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે કારના પાછળના પૈડાં હવામાં બે ફૂટ જેટલા ઊંચા થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, બરોડા ડેરી સર્કલથી મકરપુરા અને સુસેનથી પ્રતાપનગર તરફ જતા મુખ્ય રોડની એક સાઈડ પર પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા રીપેરીંગ કામ માટે એક મસમોટો ખાડો ખોદવામાં આવ્યો હતો. નિયમ મુજબ, આવા જોખમી ખાડાની આસપાસ બેરિકેટિંગ, લોખંડની જાળી અથવા ચેતવણી આપતી લાલ રિબિન લગાવવી ફરજિયાત છે. જોકે, આ સ્થળે કોન્ટ્રાક્ટર દ્વારા આવી કોઈ જ તકેદારી રાખવામાં આવી ન હતી. દરમિયાન, આ માર્ગ પરથી એક પરિવાર પોતાની કારમાં પસાર થઈ રહ્યો હતો. રસ્તા પરના ટ્રાફિક અને આગળ જઈ રહેલા વાહનોના કારણે ચાલકને રસ્તાની બાજુમાં ખોદાયેલો આ ઊંડો ખાડો દેખાયો ન હતો. પરિણામે, કાર સીધી જ ખાડામાં ઉતરી ગઈ હતી. ખાડો એટલો ઊંડો હતો કે કારનો આગળનો ભાગ જમીનમાં ધસી ગયો હતો અને પાછળના વ્હીલ હવામાં અધ્ધર થઈ ગયા હતા. કારમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

### કોન્ટ્રાક્ટરોની મનમાની અને પ્રજાનો જીવ જોખમમાં

- વડોદરાના અનેક વિસ્તારોમાં પાલિકાના કોન્ટ્રાક્ટરો દ્વારા ખોદકામ કર્યા બાદ તેને યોગ્ય રીતે પૂરવામાં આવતા નથી અથવા કામ ચાલુ હોય ત્યારે સુરક્ષાના કોઈ પગલાં લેવાતા નથી.
- નિયમોનું ઉલ્લંઘન: ખાડાની ચારે બાજુ પ્રોપર બેરિકેટિંગનો અભાવ. રાત્રિના સમયે જોખમ: સ્ટ્રીટ લાઈટના અભાવે રાત્રે આવા ખાડા દેખાતા નથી, જે જીવલેણ અકસ્માતને નિમંત્રણ આપે છે.
- તંત્રની આળસ: વારંવારની રજૂઆતો છતાં કોન્ટ્રાક્ટરો સામે કડક દંડનીય કાર્યવાહી થતી નથી.